## જન્મદિને વધામણી



**નીલેન્દુ વોરા**
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ



**વિશાલ અંબાલાલ મકવાણા**
મો. ૮૭૩૫૮ ૭૧૦૪૦

## ઍમ બી પટેલ શાળાની વિદ્યાર્થીનીઓ વિવિધ સ્પર્ધાઓમાં રાજ્યકક્ષાએ ઝળકી

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત શ્રીમતી મૃદુલાબેન ભરતભાઈ પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ રાજ્યકક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળા તથા શહેરનું ગૌરવ વધાર્યું છે.

શાળાની વિદ્યાર્થીની યાત્રી હસમુખભાઈ પટેલે ઊંચી કૂદની સ્પર્ધામાં ચોથો ક્રમ તથા ભૂમિ હરેશભાઈ સોલંકીએ ૧૦૦ મીટર દોડમાં ભાગ લીધો હતો તથા નૅશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ ૨૦૧૫ની જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતાપદ મેળવી રાજ્યકક્ષાએ પસંદગી પામી પ્રૉજેક્ટ રજૂ કર્યો હતો.

'થર્મલ પાવર સ્ટેશનની આજુબાજુના વિસ્તારના રહીશો પર વિપરીત અસર' વિષયનો આ પ્રૉજેક્ટ ખૂબ પ્રશસ્તિ પામ્યો હતો. આ પ્રૉજેક્ટ પન્વી, મૈત્રી, માર્ગી, હીર અને ઉર્વશીએ શાળાનાં શિક્ષિકા શિલ્પાબેન ત્રિવેદીના માર્ગદર્શનમાં તૈયાર કર્યો હતો.

રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને શાળાનાં આચાર્યા નીરૂબેન પટેલ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# વસંતકુંવરબા પ્રાથમિક વિદ્યાલયમાં દિવાળી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૭

સૅક્ટર-૨૮ ખાતે કાર્યરત બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક વિદ્યાલયમાં દિવાળી નિમિત્તે રંગોળી તથા દિવાળી કાર્ડ તૈયાર કરવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ વિકસે તથા તેમનામાં સર્જનાત્મક કલાશક્તિનો વિકાસ થાય તે હેતુથી આ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની કલાનું સુંદર પ્રદર્શન કર્યું હતું.

દિવાળી કાર્ડ બનાવવાની સ્પર્ધામાં પ્રથમ ક્રમે કોમલ જે તુવાર, દ્વિતિય ક્રમે હિરલ ડી તૈલી અને તૃતિય ક્રમે દિશા જે બિહોલા વિજયી બન્યાં હતાં. રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમે પૂજા આર પરમાર, દ્વિતિય ક્રમે રેહાન ઍફ અસારી તથા તૃતિય ક્રમે સોનલ ડી ઠાકોર વિજેતા બન્યાં હતાં.

શાળાનાં આચાર્યા રીટાબેન બિહોલાએ સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને બિરદાવી વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જ્યોત્સનાબેન દેવડાએ કર્યું હતું.

# અમારે તો સ્કૂલમાં જ દિવાળી !



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી ઍમ પટેલ કુમાર અને શ્રીમતી ઍચ વી પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમના ઉપક્રમે દિપાવલી ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સ્કૂલના પ્રાંગણમાં જ વિદ્યાર્થીઓને નાના ફટાકડા ફોડવાની વ્યવસ્થા કરી આપીને સ્કૂલે એક નવતર પ્રયોગ કર્યો હતો. આ કાર્યક્રમમાં બાલમંદિરના કો-ઓર્ડિનેટર કિરણબેન પટેલ તેમજ બાલમંદિરનાં ટીચર્સ ઉપસ્થિત રહ્યાં હતાં.

# અશ્વિનભાઈ કૉમર્સ કૉલેજ ખાતે ફૅકલ્ટી ડેવલપમૅન્ટ પ્રોગ્રામ યોજાયો



## અધ્યાપકોને સ્ટ્રેસ વિના કામ કરવા તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૭

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના અધ્યાપકો માટે ફૅકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. અધ્યાપકો સ્ટ્રેસ વિના હળવાશથી કામ કરી શકે તે માટે સ્ટ્રેસ મેનેજમેન્ટ વિષયો ટ્રેનર જે સી પટેલે સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત પ્રાયોગિક તેમજ સૈદ્ધાંતિક સમજ સાથે તેમણે અધ્યાપકો સ્ટ્રેસ વિના ઉત્તમ અને ઉત્કૃષ્ટ કાર્ય કરી શકે તેવી સચોટ સમજ આપી હતી. આ ઉપરાંત શરીરને સ્વસ્થ રાખવા, વિવિધ અંગોને સારા રાખવા માટેની વિવિધ ટૅકનીક્સ પણ તેમણે અધ્યાપકોને શીખવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા અને ૨૨ અધ્યાપકોએ રસપૂર્વક ભાગ લીધો હતો.

# ઍમ બી પટેલ સ્કૂલમાં રંગોળી તથા દિવાળી કાર્ડ મેકિંગ સ્પર્ધા





ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં દેશના સૌથી મોટા તહેવાર દિવાળીની ઉજવણી ઉલ્લાસભર્યા વાતાવરણમાં કરવામાં આવી હતી.

ઉજવણી અંતર્ગત ધોરણ-૩થી પાંચની વિદ્યાર્થીનીઓ માટે દિવાળી કાર્ડ બનાવવાની તથા ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થીનીઓ માટે રંગોળી સ્પર્ધાનું યોજન કરવામાં આવ્યું હતું.

દિવાળી કાર્ડ બનાવવાની સ્પર્ધામાં વૈષ્ણવી કનોજીયા (૩ બ), જયા ઝાલા (૪ અ), ક્રિષ્નાબા વાઘેલા (૫ બ), એશા પટેલ (૫ ઈ) તથા રંગોળી સ્પર્ધામાં પ્રિયા દવે, કશિશ શાહ (૬ બ), જાગૃતિ ચૌહાણ (૭ ક), દિયા પંચાલ (૮ ઈ), રોશની ગાવિત (૮ બ) અનુક્રમે વિજેતા બન્યાં હતાં.

સ્પર્ધાનું આયોજન શાળાનાં મદદનીશ શિક્ષિકા પ્રજ્ઞાબેન પટેલ તથા ઉપાસનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે ક્રિએટીવ ઝોનનાં સરોજબેન તથા ઉર્વશીબેને પોતાની સેવાઓ આપી હતી. વિજેતા વિદ્યાર્થીનીઓને શાળાનાં આચાર્યા નીરૂબેન જે પટેલે અભિનંદન પાઠવી શાળાની તમામ વિદ્યાર્થીનીઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૨**
મૈં ઔર ચાર્લ્સ
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ગૂઝબમ્પ્સ (અંગ્રેજી ૩ડી)
૧૨.૩૦, ૫.૦૦, ૯.૪૫
ગૂઝબમ્પ્સ (હિન્દી ૩ડી)
૨.૪૫, ૭.૧૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧.૦૦
ગુડ્ડુ કી ગન
૪.૦૦, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

**સ્ક્રીન-૫**
મૈં ઔર ચાર્લ્સ
૧૦.૦૦, ૧૨.૪૫
શાનદાર
૬.૪૫
પ્યાર કા પંચનામા
૩.૪૫, ૧૦.૧૫

# ગાંધીનગર બાલભવનનાં બાળકો રાજ્યકક્ષાએ

ગાંધીનગર, તા. ૭

રાજ્યકક્ષાની બાલશ્રી ઍવોર્ડ સ્પર્ધામાં વી ઍન બાલભવન, ગાંધીનગરનાં બાળકોએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળા તથા શહેરનું નામ રોશન કર્યું હતું. રાજ્યકક્ષાની આ સ્પર્ધા વડોદરા બાલભવન ખાતે યોજાઈ હતી, જેમાં સર્જનાત્મક પ્રદર્શન કલા અને સાહિત્ય કલાની સ્પર્ધામાં ગાંધીનગર સ્થિત બા શ્રી વસંતકુંવરબા વિદ્યાલયના પરિસરમાં કાર્યરત વી ઍન બાલભવનનાં ત્રણ બાળકો - રાહુલ, ભાસ્કર અને રિયાએ સુંદર દેખાવ કર્યો હતો.

એ જ રીતે સર્જનાત્મક કલા તેમજ સાયન્ટીફિક ઈનોવેશનમાં બાલભવનનાં કુલ સાત બાળકો - આદિત્ય, ભાગ્યશ્રી, અનન્યા, દીપ, રાજ અને નિનાદે ભાગ લીધો હતો. બાળકોની સાથે ઍસ્કોર્ટ તરીકે નયનાબેન ઉપસ્થિત રહ્યાં હતાં.

આચાર્ય તેમજ શાળા પરિવારે સૌ બાળકોને બિરદાવી અભિનંદન પાઠવ્યાં હતાં.

## ઍમ બી પટેલ પ્રાથમિક શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર ઍન પટેલ પ્રાયમરી સ્કૂલ દ્વારા ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

કચ્છ-ભૂજના આ પ્રવાસમાં વિદ્યાર્થીઓ ઉત્સાપૂર્વક જોડાયા હતા. ૧૦૪ વિદ્યાર્થીઓ અને ૮ શિક્ષકો બે દિવસ અને ત્રણ રાત્રી સાથે પ્રવાસમાં રહ્યા હતા અને તેમણે સ્વામિનારાયણ મંદિર, શ્યામજી કૃષ્ણ વર્માની સમાધિ, અંબેધામ, નારાયણ સરોવર, કોટેશ્વર, આશાપુરા માતાનો મઢ, તીથોણ, આયના મહેલ, પ્રાગ પૅલેસ, જેસલ-તોરલની સમાધિ વગેરે સ્થળોની પ્રત્યક્ષ મુલાકાત લઈ આ સ્થળો વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી.

# સે. ૨ સ્વામિનારાયણ મંદિરે ૧૯મીથી ભાગવત્ કથા સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના સે. ૨ સ્વામિનારાયણ મંદિરના સ્ત્રી સંસ્કાર કેન્દ્ર હોલ ખાતે તા. ૧૯મી નવેમ્બરથી પ્રજ્ઞાચક્ષુ વક્તા પૂ. શાસ્ત્રી કૃણાલભાઈ જોષીની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૫મી નવેમ્બર સુધી ચાલનાર આ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં હનુમાન ચાલીસા પાઠ, રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધનપૂજન, અન્નકૂટ, રૂક્ષ્મણી વિવાહ, તુલસી વિવાહ જેવા પ્રસંગો ઉજવાશે. કથાનો સમય સવારે ૯ થી ૧૨ અને સાંજે ૩ થી ૬ વાગ્યાનો રાખવામાં આવ્યો છે.

સે. ૨-એમાં રહેતા ચંદ્રકાંતભાઈ કેશવલાલ પટેલ પરિવારના યજમાનપદે યોજાનાર કથા સપ્તાહમાં સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય કોસલેન્દ્ર પ્રસાદજી મહારાજ તથા વિદ્વાન સંતો પણ પધારશે. કથા જ્ઞાનયજ્ઞનો પ્રારંભ તા. ૧૯મી નવેમ્બર ગુરૂવારે બપોરે ૩.૩૦ કલાકે કરાશે અને પુર્ણાહુતિ તા. ૨૫મી નવેમ્બર બુધવારે સવારે ૧૧ કલાકે થશે. આચાર્ય કોશલેન્દ્રપ્રસાદજી તા. ૨૪મી નવેમ્બરે સવારે ૯ કલાકે જ્ઞાનયજ્ઞમાં પધારશે. તા. ૨૧મી નેવમ્બરે સાંજે ૬ કલાકે હનુમાન ચાલીસા પાઠ યોજાશે. તા. ૨૨મી નવેમ્બર રવિવારે બપોરે ૧૨ કલાકે રામ જન્મોત્સવ અને સાંજે ૫ કલાકે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે. આ દિવસે રાત્રે ૮ કલાકે એકાદશી નિમિત્તે ભજન-કિર્તનનો કાર્યક્રમ પણ યોજાશે. આ ભાગવત કથા સપ્તાહ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા ગાંધીનગરની તમામ ધર્મપ્રેમી જનતાને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સ્વચ્છ હવા અનુભવવા 'કાર ફ્રી ડે' ઉજવીએ

મોટાં શહેરોમાં વધતાં વાહનોને કારણે ટ્રાફિકની સમસ્યા, ઉતાવળ, ઘોંઘાટ વગેરેને પરિણામે આજે શહેરી લોકોના જીવનમાં માનસિક દબાણનું એક બહુ મોટું હાનિકારક તત્વ ઉભું થયું છે. પહેલા કદી જોવામાં ન આવતા એવા માનસિક રોગો જોવા મળે છે. રાજકારણ બાદ જો કોઈ વિષયની ચર્ચા સૌથી વધુ થતી હોય તો તે છે ટ્રાફિકની... ઝડપી સાધનો વિચારોમાં ગંભીરતા નહિ, પણ ખળભળાટ પેદા કરે છે. મુંબઈના ગીચ રસ્તા પર મોટરના એટલા ધુમાડા થાય છે કે રોજ ૨૦ સિગારેટના ધુમાડા જેટલો ધુમાડો ફેફસામાં જાય છે.

કાર્બન ડાયોક્સાઈ, મિથેન, નાઈટ્રેસ ઓકસાઈડ વગેરે વાયુઓના કારણે સૂર્યના પ્રકાશ સાથે વરસતી ગરમી વાતાવરણમાં જ કેદ થઈને સમગ્ર પૃથ્વીને રીતસર શેકી રહી છે. એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એજન્સીના આંકડા પ્રમાણે વાતાવરણમાં ૭૫ ટકા કાર્બન મોનોક્સાઈડ ફક્ત વાહનોમાંથી બહાર ફેકાય છે. જે શહેરી વિસ્તારોની ૫૦થી ૯૦ ટકા હવા પ્રદુષીત કરે છે. આજથી ૧૦૦ વર્ષ પહેલા વાયુ મંડળમાં કાર્બનડાયોક્સાઈડની માત્રા ૨૭૫ પાર્ટસ પર મિલિયન (પીપીએમ) હતી. જે આજે ૩૫૦ પીપીએમ છે અને ૨૦૦૫નું વર્ષ સદીઓમાં સૌથી ગરમ વર્ષ સાબિત થયું છે. પૃથ્વીનું તાપમાન વધ્યું છે. પૃથ્વીને તાવ આવ્યો છે! રેઈનમિકેનિઝમ અને જૈવવૈવિધ્ય પર ખતરો ઉભો થયો છે.

કાર દ્વારા મુખ્યત્વે ચાર પ્રદુષકો પેદા થાય છે. ૧. કાર્બન મોનોક્સાઈડ, ૨. હાયડ્રોકાર્બનસ, ૩. નાઈટ્રોજન અને ૪. ઓક્સિજન જે એકબીજા સાથે મળીને નાઈટ્રોજન ઓક્સાઈડ પેદા કરે છે. જે ધુમ્મસ અને શ્વસનની સમસ્યાનું કારણ બને છે. તેમાં ધૂળ, ખનીજ, એસીડ, ધાતુઓ, અને કાર્બનીક રસાયણો આવેલા હોય છે જે ફેફસા અને હૃદયને નુકશાન કરી છાતીમાં દુખાવો પેદા કરે છે. આ બધાને કારણે મધ્યમ અને મોટી ઉમરના વ્યક્તિઓમાં ઘોંઘાટની થતી પ્રતિકૂળ અસરો, હૃદયરોગની બિમારી, ચિંતા, માનસિક તાણ અને ઉંઘમાં ખલેલ, પાચન શક્તિ મંદ પડવી જેવી અસરોનો સમાવેશ થાય છે.

યુનિવર્સિટી ઓફ ટેક્ષાસના સંશોધકોએ એ પ્રસ્થાપિત કર્યુ છે કે ચોથા અને પાંચમા ધોરણના શાળાના બાળકોમાં હવાના વધુ પ્રદુષણને કારણે જી.પી.એ. (ગ્રેડ પોઈંટ એવરેજ યુ.એસ. માં જે શૈક્ષણિક સિદ્ધિપર્ફોર્મન્સનુ માપ છે.) નીચું જવા પામ્યું છે. એટલે કે તેના મગજને અસર થતાં જ્ઞાનાત્મક કામગીરીમાં અસર પડે છે. તેમજ સ્ટ્રોકનું જોખમ, રુદયની અનિયમિત ધડકનને કારણે કાર્ડીયો વસક્યુલર રોગો, લોહીનું ગંઠાઈ જવું અને મગજના કોષોને નુકશાન થાય છે. એક નવા અભ્યાસ પ્રમાણે હવે ઓટીઝમ સાથે વાયુ પ્રદૂષણનો સંબંધ છે. સગર્ભાવસ્થા દરમિયાન પ્રદૂષણ શ્વાસમાં જતાં ઓટીઝમ - ઓછા માનસીક વિકાસવાળુ બાળક પેદા થવાનું જોખમ વધારે રહે છે. બાળકના ફેફસાનો ઓછો વિકાસ, અસ્થમા, અકાળ જન્મ, આ બધા હવા પ્રદૂષણ સાથે સંકળાયેલ છે.




ટ્રાફિક દરમિયાન થતું હવાનું પ્રદુષણ બાળપણમાં સેકન્ડ હેન્ડ સ્મોક જેટલું અસર કરી અસ્થમા પેદા કરે છે. ચાઈનામાં હવાના પ્રદુષણને કારણે કેન્સર વિલેજ પેદા થયા છે. વર્ષે ૧,૦૦,૦૦૦ લોકો મૃત્યુ પામે છે.

આ સમસ્યાનો ઉપાય એટલે 'કાર ફ્રી ડે'. શરુઆતમાં ઓઈલની અછતને પહોંચી વળવા ૧૯૭૦થી કાર ફ્રી ડેનું આયોજન થયું હતું. યુરોપમાં ૧૯૯૯માં પાયલોટ પ્રોજેક્ટ તરીકે ઈન ટાઉન વિથાઉટ માય કારની જાહેરાત સાથે આંતરરાષ્ટ્રિય કાર ફ્રી ડેની ઉજવણીની શરુઆત કરવામાં આવેલ. તા. ૨૨મી સપ્ટેમ્બરનો દિવસ વિશ્વભરમાં કાર ફ્રી ડે તરીકે ઉજવાય છે.

વિશ્વના ૪૦ દેશના ૧૫૦૦ શહેરમાં પ્રશાસન, ખાનગી સંસ્થાઓ તેમજ સ્થાનિક લોકોના સહયોગથી ગ્રીનર એન્વાયરમેન્ટ પ્રસ્થાપિત કરવાનો મુખ્ય હેતુ છે. જાહેર પરિવહન સંગઠનના તારણ મુજબ એક દિવસ કાર બંધ રહે તો ૩૭૦ લાખ ટન જેટલા કાર્બન ડાયોક્સાઈડથી બચી શકાય. આ એક શુદ્ધ કાર્યક્રમ છે. આ દિવસે લોકોને પોતાની કારને બદલે સાર્વજનિક અને પ્રદૂષણ નહીં ફેલાવનાર વાહનોનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે. આ અભિયાનનો મકસદ શહેરના પ્રદૂષણમાં ઘટાડો, ભારે ટ્રાફિકથી બચાવવા અને લોકોમાં જાહેર પરિવહન માટે જાગૃતિ લાવવાનો છે. વાહનોના વધારાની સામે હવે સડકો વધવાની નથી, આજે માહોલ એવો છે કે મોટા મેટ્રો સિટીમાં જયાં એક કલાકમાં પહોંચવું જોઈએ, ત્યાં બે કલાકનો સમય લાગી રહ્યો છે. પરિણામે ઈંધણની ખપત વધી છે...વાયુ પ્રદૂષણ વધ્યુ છે.

આના ઉકેલ માટે ટ્રેન, બસ, સાયકલ, કારપૂલ, વાનપૂલ કે ચાલીને જવાના ફાયદા ઉપરાંત તે દિવસે સોફ્ટવેરને લગતા કામકાજ ટેકનોલોજીનો ઉપયોગ કરીને કામકાજના સ્થળે ગયા વગર ઘરે બેઠા કોમ્પ્યુટર-ટેલિફોનથી કામ પુર્ણ કરવા જોઈએ. એકલા કાર ચલાવવાથી વાતાવરણ અને પૈસાના ગેરફાયદાની સાપેક્ષે સાયકલીંગ એ ઘોંઘાટરહિત, સ્વચ્છ, ઈકોનોમીકલ, શરીરની તદુંરસ્તી માટે અને આનંદદાયક છે. દર વર્ષે કાર તેના વજન કરતાં ત્રણ ગણા પ્રદુષકો પેદા કરે છે, જયારે સાયકલ પ્રદુષણ કરતી નથી. ચાલવું એ ગેસ બાળવા કરતાં કેલરી બાળવા માટે ખુબ જ મહત્વનું છે. બસનો ઉપયોગ ટ્રાફિક, પાર્કિંગ અને આર્થિક રીતે ઘણો જ ફાયદાકારક છે. બધી જગ્યાએ રૂબરૂ પહોંચવા કરતા બને એટલા કામ ટેલિફોન અને ટેલિકોન્ફરન્સથી જ કરી લેવાનો પ્રયાસ કરી શકાય. એક દિવસ માટે રસ્તા ઉપર ખાનગી વાહન દૂર થાય તો માનવી સ્વચ્છ હવા કેવી હોય તેનો અનુભવ કરી શકશે !

જાપાનના શહેરોની અંદર લોકો પોતાની ગાડીઓનો ઓછો ઉપયોગ કરે છે. દેશમાં તમિલનાડુ અને માથેરાન એ આ દિશામાં કંઈક પ્રગતિ કરી છે, માથેરાન ગિરિમથકમાં કોઈપણ પ્રકારના વાહનો લઈ જવા દેવામાં આવતા નથી તેથી જ તો ત્યાંની શુદ્ધ હવા અને પ્રકૃતિના સૌંદર્યનો નઝારો માણી શકાય છે. બેલ્જિયમના ઘેન્ટ શહેરમાં બાઈક અને સાઈકલ વિરુદ્ધ દિશામાં ચાલે છે! 'સાયકલ સ્ટ્રીટ ઉપર કારને મહેમાન ગણવામાં આવે છે. કાર ચલાવનારને ફરજિયાત સાયકલ સવારની પાછળ ચલાવવી પડે છે. વેનિસ શહેર આધુનિક યુગમાં કાર વગરના શહેર તરીકે ઓળખાય છે.

ફક્ત એક દિવસ માટે પણ શુદ્ધ હવામાં શ્વાસ લેવાનો અનુભવ કરી પર્યાવરણને બચાવવામાં સહયોગી બની ગર્વ અનુભવીએ તો કેવું !

**- સતીષ શામળદાન ચારણ**
sscharan_aaa@yahoo.co.in

# 'શોધન ફાઉન્ડેશન' દ્વારા આજે 'મોસમ પ્રેમની' શહેરમાં પ્રસરશે




ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરની સંસ્થા શોધન ફાઉન્ડેશન દ્વારા રવિવારે એક સુંદર ઉપક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત છેવાડાના કહી શકાય એવા બે કલાકારોના અવાજમાં રૅકોર્ડ કરેલાં ગીતોનો આલ્બમ લૉન્ચ થઈ રહ્યો છે.

'મૌસમ પ્રેમની' નામના આ આલ્બમમાં સાગર નાયક અને બિન્ની પંડ્યાએ પોતાના અવાજનો જાદુ પાથર્યો છે. સાગર નાયક પ્રાંતિજના રાસલોદ ગામના ગરીબ ખેડૂતનો એકનો એક પુત્ર છે અને ગાયન એ તેના માટે પૅશન છે. બિન્ની પ્રાંતિજની રહેવાસી છે અને પોતાના પરિવારમાં ત્રણ બહેનો, એક ભાઈમાં તે સૌથી મોટી બહેન છે અને પરિવારમાં મા ન હોવાને કારણે તેના માથે ઘણી જવાબદારીઓ છે. તેના પિતા પંડિત છે. અનેક જવાબદારીઓ વચ્ચે પણ તેની ગાયનની મહેચ્છા જીવંત છે, જેને હવે પાંખો મળી છે આલ્બમના માધ્યમથી. આ બંને કલાકારોના કલા કૌશલને ગાંધીનગરના સંગીતકાર પ્રશાંત-જૈમિને પારખ્યું અને તેમને આલ્બમ માટે તૈયાર કર્યા. ચાર માસની મહેનત પછી એક સુંદર આલ્બમ આખરે તૈયાર થઈ ગયું છે, જેનાં ગીતો પ્રશાંત ત્રિવેદીએ લખ્યાં છે અને જૈમિન ત્રિવેદીએ કંપોઝ કર્યાં છે. આલ્બમમાં કુલ ૯ ગીતો છે, જેમાં અલગ અલગ મૂડ જોવા મળે છે.

બે કલાકારોને તેમની કલા અભિવ્યક્ત કરવાની તક આપીને જ શોધન ફાઉન્ડેશન માત્ર અટકી નથી ગયું, પરંતુ એથીય આગળ વધીને આ આલ્બના વેચાણથી જે આવક થાય તે આવા જ જરૂરિયાતમંદ કલાકારોના કલ્યાણ અર્થે ખર્ચ કરવાનો ઉમદા નિર્ણય પણ તેણે કર્યો છે.

સંગીતમાં રસ હોય, આ ઉમદા પ્રયાસમાં સાથ આપવો હોય કે કલાકારોને બિરદાવવા હોય તો બલરામ મંદિર, સૅક્ટર-૧૨ ખાતે રવિવારે સાંજે ૬ કલાકે ઉપસ્થિત રહેવા જેવું ખરું.